મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૮૭ ટકા
ગાંધીનગર તાપમાન

રક્ષાબંધનની મિઠાઈનું સ્થાન હવે ચોકલેટે લીધું

રક્ષાબંધનના પર્વ નિમિત્તે ઓનલાઈન ફિલિંગ્સ શેર કરવાનો ક્રેઝ : અલગ અલગ પ્રકારના હેમ્પર્સ ભાઈઓને મોકલાવવાનો નગરની બહેનોમાં ક્રેઝ વધતો જોવા મળ્યો



ગાંધીનગર, તા.૩૦

ભાઈ બહેનના હેતનું પર્વ રક્ષાબંધન આવનાર છે ત્યારે નગરમાં કોરોનાની હાજરીએ તહેવારના ઉમંગને ધીમો પાડી દીધો છે. ફીઝીકલી રાખડી કે ગીફટ લેવા જવું એ કરતા દરેક હાલ ઓનલાઈન રાખડી અને ગીફટ કે ગીફટ હેમ્પર ઉપર પસંદગી ઉતારી રહ્યા છે. ઉપરાંત મોટા ભાગના નગરજનોએ ડાયરેકટ જ ઓનલાઈન બિઝનેસ કરનારને જ કહીને રાખડી અને ગીફટ પોસ્ટ કર્યા છે. હજી સુધી ઓફલાઈન રાખડીનું વેચાણ દર વર્ષની જેમ જામ્યું નથી એ સામે ઓનલાઈન રાખડી બિઝનેસ હીટ છે તેવી જ રીતે આ વર્ષે મીઠાઈ કરતા ચોકલેટ અને હેમ્પર્સનો ક્રેઝ વધ્યો છે. પહેલાના સમયમાં બહેન ભાઈને ઘરે જાય એટલે મીઠાઈ ખવડાવી મોં મીઠું કરાવતા રાખડી બાંધતી હવે આજનો સમય નવો પણ છે અને હાલ કોરોનાની કપરી પરસ્થિતિ પણ છે ત્યારે નગરજનોએ ઓનલાઈન શોપીંગ પર વધુ પસંદગી ઉતારી છે. તેમાં પણ મીઠાઈનું સ્થાન હવે ચોકલેટે લીધું છે. હાલ કોરોનાની પરિસ્થિતિમાં દૂર રહેતા ભાઈ પાસે જઈ રાખડી બાંધવા કરતા મોટા ભાગની બહેનોએ બહારગામ રહેતા પોતાના ભાઈઓને રાખડી સાથે સ્વીટ તરીકે ચોકલેટ કે ચોકલેટ હેમ્પર મોકલ્યા છે. આ બાબતને ધ્યાનમાં લઈ નગરમાં ખાસ રક્ષાબંધન નિમિત્તે ચોકલુટ બુકે, ચોકલેટ રાખી, કસ્ટમાઈઝ ગીફટ હેમ્પર સાથે ઘણા વિકલ્પો નગરની મીઠાઈની દુકાનો પર અથવા હોમ મેડ ચોકલેટ બનાવતા વેપારીઓને ત્યાં ઉપલબ્ધ છે. જેમાં એમ્બોઝ ચોકલેટ, ચોકલેટ અને નમકીન સાથેનું હેમ્પર ઉપરાંત કોવિડ સ્પેશિયલ ચોકલેટ ટ્રેન્ડમાં છે જેની કિંમત ૪૦૦ રૂપિયાથી લઈ ૧૫૦૦ રૂપિયાની છે.

નગર સ્થિત મીઠાઈના વેપારી વિપુલભાઈ સુખડીયા આ બાબતે વાત કરતા જણાવે છે કે આ વર્ષે ઓફલાઈન કરતા ઓનલાઈન મીઠાઈ કે ચોકલેટ ખરીદીને ભાઈઓને મોકલવાનો ક્રેઝ વધ્યો છે. ખાસ ચોકલેટ સાથે નમકીન ઉમેરી રાખડી મોકલવા માટે નગરની બહેનો તત્પર છે. અમદાવાદ, સૌરાષ્ટ્રના શહેરો, કલકત્તા જેવા અનેક શહેરોમાં અમે હેમ્પર્સ પોસ્ટ કર્યા છે. હેમ્પર્સની કિંમત ૫૫૦થી લઈ ૭૫૦ રૂ. રાખવામાં આવી છે. જેમાં ડેકોરેટીવ બોકસ સાથે નમકીન, એક મીઠાઈ, ચોકલેટ અને રાખડી સાથે હેમ્પર તૈયાર થાય છે. ડેકોરેટીવ થાળી પણ એડ કરી શકીએ છીએ. જેમ અલગ અલગ વસ્તુ ઉમેરાય કે હેમ્પરથી વધુ કોન્ટીટી ગ્રાહક માંગે તો તે રીતે હેમ્પરના ભાવ નક્કી થાય છે. આ વર્ષે અમારો ઓનલાઈન બિઝનેસ ગયા વર્ષ કરતા લગભગ ૪૦ ટકા વધુ થયો. અઠવાડિયા પહેલાથી જ બુકીંગ શરૂ થઈ ગયા છે અને અમે ઓર્ડર ડિલીવર કરી રહ્યા છીએ. જેમાં સૌથી વધુ મીડીયમ રેન્જનું હેમ્પરનું વેચાણ થાય છે.

ચોકલેટ અને હેમ્પર્સ બનાવવાના કાર્ય સાથે જોડાયેલ કવિતાબેન કોટક જણાવે છે કે, આ વર્ષે કોરોનાને કારણે ઓનલાઈન ફિલિંગ્ઝ શેર કરવાનો ક્રેઝ વધ્યો છે. થોડે પણ દૂર રહેતા ભાઈઓને પણ બહેનોએ હેમ્પર્સ કસ્ટમાઈઝ કરાવીને ડાયરેકટર અમારા પાસે જ કુરીયર કરાવડાવ્યું છે. આ વર્ષે કસ્ટમાઈઝ ગીફટ હેમ્પર જેમાં ભાઈઓ માટે કોફી મગ, ફોટો મગનો ક્રેઝ ભાભી માટે જવેલરી સાથેના હેમ્પર ડિમાન્ડમાં છે. જેનો ભાવ ૪૦૦ થી ૧૫૦૦ રૂપિયા સુધીનો છે. રાખડી અને ચોકલેટ સિવાય પણ કોઈ એકસ્ટ્રા ગીફટને ઉમેરીન હેમ્પર બનાવી કાંઈક ક્રીએટીવ કરવામાં નગરજનો માની રહ્યા છે. આ વર્ષે મીઠાઈની જગ્યાએ એમ્બોઝ ચોકલેટ ડિમાન્ડમાં છે. હેપ્પી રક્ષાબંધન લખેલી આ ચોકલેટ નગરજનોને સૌથી વધુ પસંદ આવી છે. ખાસ કોવિડ-૧૯ને લીધે દરેક હોમમેઈડ હાઈજીન સચવાય તે બાબતનું ધ્યાન રાખી રહ્યા છે.

આ સિઝનમાં ફિઝિકલ જવા કરતા દરેક ઓનલાઈન ફિલિંગ્ઝ મોકલે છે. દર વર્ષે હીટ રહેતા ચોકલેટ બુકેમાં રીઅલ ફલાવરનો કન્સેપ્ટ ઉમેરાયો છે સાથે રેગ્યુલર ચોકલેટ અને બ્રાઉન ચોકલેટ દર વર્ષની જેમ ડિમાન્ડમાં છે જ પણ કોવિડ સ્પેશિયલ ચોકલેટ દરેક માટે આકર્ષણનું કેન્દ્ર રહી છે. ગયા વર્ષ કરતા આ વર્ષે અમારે ૨૦ થી ૩૦ ટકા ઓનલાઈન સેલિંગમાં વધારો થયો છે.

ગુજરાતભરમાં પરીક્ષાનું પરિણામ સર્વપ્રથમ જાહેર કરતી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

ગાંધીનગર, તા.૩૦

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા યુનિવર્સિટીમાં ચાલતા રેગ્યુલર તમામ કોર્સ તથા પાર્ટ ટાઈમ કોર્સનાં સેમેસ્ટર ૨ અને સેમેસ્ટર ૪ ની પરીક્ષાઓનાં પરિણામ તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૦ના રોજ જાહેર કરવામાં આવશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ચાલતા રેગ્યુલર તમામ કોર્સ એમ.એ. ઈંગ્લિશ અને એમ.એ. સાયકોલોજી, એમ.એસસી. હોમ સાયન્સ, એમ.એસ. ડબલ્યુ., એમ.ફિલ. એજ્યુકેશન તથા એમ.ફિલ. સાયકોલોજીના સેમેસ્ટર-૨ અને સેમેસ્ટર-૪ની પરીક્ષાઓ તારીખ ૨૦ જુલાઈથી ૨૭ જુલાઈ દરમિયાન યોજાઈ હતી. ઉપરાંત, યુનિવર્સિટીમાં ચાલતા પાર્ટ ટાઈમ કોર્સ એમ.એ. એજ્યુકેશનના સેમેસ્ટર-૨ અને સેમેસ્ટર-૪ની તથા પી.જી. ડિપ્લોમા ઈન સ્કૂલ કાઉન્સેલિંગના સેમેસ્ટર-૨ની પરીક્ષાઓ તારીખ ૧૯ જુલાઈ અને ૨૬ જુલાઈના રોજ યોજાઈ હતી. આ તમામ પરીક્ષાનાં પરિણામ તારીખ ૩૧ જુલાઈના રોજ જાહેર કરવામાં આવશે. તમામ વિદ્યાર્થીઓ પોતાનાં પરિણામ યુનિવર્સિટીના નોટિસબોર્ડ તેમજ વેબસાઈટ **cugujarat.ac.in**નાં **Examination**નાં **Result** ટેબ પરથી મેળવી શકશે.

સેકટર-૧ તળાવ પાસે કારમાંથી વિદેશી દારૂની ૩૬ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-૧ તળાવ નજીક કારમાંથી ૩૬ બોટલ દારૂ સાથે બે યુવકોને પોલીસે પકડી પાડ્યા છે. સેકટર-૭ પોલીસે રૂ.૧૩,૯૨૦ ની કિંમતની ૩૬ બોટલ દારુ અને રૂ.૨ લાખની કાર જપ્ત કરીને બંને સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે કારમાં દારૂની હેરફેર થવાની છે. જેથી પોલીસે જી.જે.૦૧.આર.વાય.-૨૭૩૩ નંબરની વ્હાઈટ કલરની ટાટા માન્ઝા ગાડી પકડી પાડી હતી. પોલીસે ગાડીમાં રહેલા શખ્સનું નામ પુછતા તેણે કુડાસણ સહજાનંદ પાર્ક મકાન નં.૩૦૪ ખાતે રહેતા જયદિપ દિલિપ કુમાર જોશી (ઉં.૨૬ મુળ રહે. સુરેન્દ્રનગર), હોવાનુ ધ્યાને આવ્યું હતું. પોલીસે કારમાં તપાસ કરતા વિદેશી દારુની ૩૬ બોટલ મળી આવી હતી. દારુ અંગે પુછતા જયદિપે પોતાની સાથે રહેતા ઉત્પલ નટવરપુરી ગોસ્વામીએ દારૂનો જથ્થો લાવી આપ્યો હતો. જયારે બંન્ને જણા એકઠા થઈને દારુનો વેપલો કરતા હોવાનું ધ્યાને આવ્યું હતું.જેથી પોલીસે ઉત્પલ ગોસ્વામી (ઉં.૪૭ મુળ પાટણ આદીવાડા ગામ) બોલાવીને તેને પણ પકડી પાડી રૂ.૧૩,૯૨૦ નો કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી બંને સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કોરોના ગ્રહણ વચ્ચે દશામાની મૂર્તિનું ઘરે જ વિસર્જન

ગાંધીનગરમાં મૂર્તિ વિસર્જન સ્થળે પોલીસનો બંદોબસ્ત

ગાંધીનગર, તા.૩૦

દશ-દશ દિવસ સુધી દશા માંની પૂજા-અર્ચના કર્યા બાદ ભકતો ભારે હૈયે નદીના પાણીમાં મૂર્તિ વિસર્જન કરતા હોય છે. ગાંધીનગર શહેરમાં બોરીજ, રાજભવન કવાટર્સની બાજુમાં, ધોળાકુવા, ઈન્દ્રોડા, સેકટર-૩૦ સાબરમતિ નદીના કિનારે દશામાંની મૂર્તિ વિસર્જન માટેના સ્થાન આવેલા છે. જેમાં જાગરણ બાદ હજારો ભકતો વાજતે ગાજતે માતાજીના ગુણગાન ગાતા ગાતા મૂર્તિ વિસર્જન માટે આવે છે. પરંતુ આ વર્ષે કોરોનાની વૈશ્વિક મહામારીને પગલે આ તમામ સ્થળો પર મૂર્તિ વિસર્જન માટેનું આયોજન બંધ રાખવામાં આવ્યું હતું. જેથી ભકતોમાં નિરાશા વ્યાપી જવા પામી હતી. મૂર્તિ વિસર્જન સ્થળ પર નાગરીકો મોટી સંખ્યામાં ઉમટી ન પડે તે માટે પોલીસે લોખંડી બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જેને પગલે એક પણ ભકત માતાજીની મૂર્તિ વિસર્જન માટે સાબરમતિ નદીના કિનારે આવ્યો ન હતો. ભકતોએ માતાજીના જાગરણ બાદ ઘરે જ પાણી ભરેલા વાસણમાં દશામાં ની મૂર્તિનું વિસર્જન કર્યું હતું. શહેરમાં દશામાં ના જાગરણ નિમિતે પોલીસે ખાસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. શહેરના માર્ગો પર વાહનો દ્વારા પોલીસ રાઉન્ડ ધ કલોક પેટ્રોલીંગ કરી રહી હતી. જયારે કેટલાક ગણ્યાં-ગાંઠ્યા ભકતો વહેલી સવારે માતાજીની મૂર્તિ લઈ વિસર્જન સ્થળે જવા માટે નીકળ્યા હતા. પરંતુ તેઓને પણ પોલીસે પરત ઘરે મોકલી દીધા હતા. મૂર્તિ વિસર્જન સ્થળે મોડી રાતથી વહેલી સવાર સુધી હજજારો ભકતો ઉમટી પડે છે. સોશ્યલ ડિસ્ટન્સ અને કર્ફયુનો ભંગ ના થાય તે માટે પોલીસ તૈનાત કરી દેવાઈ હતી. જેથી દશામાતાજીની મૂર્તિનું વિસર્જન ભકતો દ્વારા ઘરે જ કરવામાં આવ્યું હતું.

પેથાપુર-પાલજ ગામમાંથી જુગાર રમતા ૭ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૩૦

પોલીસે બે અલગ અલગ સ્થળે રેઈડ પાડીને ૭ શકુનીઓને પકડી પાડ્યા છે. પેથાપુરમાંથી ૩ અને પાલજમાંથી ૪ જુગારીઓને પકડી પાડી પોલીસે દાવ પરથી તેમજ અંગજડતી દરમિયાન કુલ રૂ. ૧૩,૯૧૦ રોકડા કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ પેથાપુર પોલીસને બાતમી મળી હતી કે સલીમ મુલતાની ના ઘર આગળ જુગાર રમાય છે. જેથી પોલીસે બપોરના સમયે કોટફળી વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસે પેથાપુર ખાતે રહેતા બિપિનકુમાર ઉર્ફે કાળુ સેવંતીલાલ ભાવસાર (ઉં.૫૨), સલીમ મનુભાઈ મુલતાની(ઉં.૩૮)તેમજ હનીફ ઉસ્માનભાઈ મુલતાની (ઉં.૩૧)જુગાર રમતા પકડાયા હતા. તેઓ પાસેથી પોલીસે રૂ.૧૧,૫૧૦ રૂપીયા રોકડા જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે ગાંધીનગર નજીક આવેલા નવા પાલજ ગામે ઠાકોર વાસ ખાતે જુગાર રમતા ૪ જુગારી પકડાયા છે. પોલીસે રાત્રીના સમયે તળાવની સામે આવેલી ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા જુગારીઓ પર પોલીસ ત્રાટકી હતી. પોલીસે પાલજ ગામના અનિલ ઉરઅફે જીગો મહોબતજી ઠાકોર (ઉ૧૯), વિનોદ બબાભાઈ રાવળ (ઉં.૩૫), કાળા ઉર્ફેમોરલો મનુભાઈ દંતાણી (ઉં.૨૭)ઘનાજી ઉર્ફે ઘનશ્યામ ઠાકોર (ઉં.૪૯), જુગાર રમતા રંગેહાથ પકડાયા છે.પોલીસે પકડાયેલા શખ્સો પાસેથી પોલીસે રૂ.૨૪૦૦ રોકડા જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કલોલ તાલુકાના સોજા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૩૦

કલોલ તાલુકાના સોજા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આજરોજ જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને મેડિકલ સ્ટોર્સમાં દવા લેવા જતાં દર્દીઓની માહિતી મેડિકલ સ્ટોર્સના માલિકો પાસે હોય છે. તેમની યાદીમાં કોઈપણ દર્દીએ કોરોના વાયરસના સામાન્ય લક્ષણો હોય અને દવા લીધી હોય તો તેમના સરનામે મુલાકાત લઈ તેમની અને તેમના પરિવારના આરોગ્યની તપાસ કરવી. કોઈપણ દર્દીમાં શંકાસ્પદ લક્ષણો જણાય તો તાત્કાલિક સારવાર આપવી જેથી કોરોના વાયરસનું સંક્રમણ થતું અટકાવી શકાય તેમજ મૃત્યુ દર પણ ઘટાડી શકાય.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ગામમાં હાઉસ ટુ હાઉસ સર્વે દરમ્યાન કોઈપણ શંકાસ્પદ દર્દી મળે તો તેના સેમ્પલ લેવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે ગામના સરપંચ અને જિલ્લાના ડેલીગેટ સાથે પણ બેઠક કરી હતી. આ બેઠકમાં ઉપસ્થિતિ અગ્રણીઓને ગામમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોનો અટકાવી શકાય તે માટે સ્વચ્છતા પર વિશે ધ્યાન આપવામાં આવે તેવો પણ અનુરોધ કર્યો હતો.

રક્ષાબંધન હવે સાવ નજીક છે ત્યારે શહેરના બજારમાં રાખડીઓનું વેચાણ ધીમે ધીમે વધી રહ્યું છે. સેકટર-૨૧ના શાકમાર્કેટ પાસે સંખી મંડળને ફાળવાયેલા સ્ટોલમાં રાહત દરે રાખડીઓનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. મેયર રીટાબેન પટેલે આ સ્ટોલની મુલાકાત લઈ સખી મંડળની બહેનોની સરાહના કરી હતી. એટલું જ નહીં અહીંથી તેમણે કેટલીક રાખડીઓની ખરીદી કરી બહેનોને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

ચિરવિદાય

- સ્વ. પંડયા વિદ્યાબેન બાલકૃષ્ણ, ઉ.વ. ૭૫, સે-૭-બી, ગાંધીનગર
- સ્વ. જયોત્સનાબેન કનુભાઈ વ્યાસ, ઉ.વ. ૫૬, સે-૨૭, ગાંધીનગર
- સ્વ. દેવેન્દ્રકુમાર કાનજીભાઈ પરમાર, ઉ.વ. ૬૧, સે-૭-સી, ગાંધીનગર
- સ્વ. શાહ સાનંદકુમાર રામબાબુ, ઉ.વ. ૬૩, શ્રીનગર, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. વસંતકુમાર શંકરલાલ રાવલ, ઉ.વ. ૬૮, મુ. રાંધેજા, જી. ગાંધીનગર
- સ્વ. મોદી સવિતાબેન કૃષ્ણાલાલ, ઉ.વ. ૬૫, મુ. પાટણ, જી. પાટણ
- સ્વ. ચંદનસિંહ લક્ષ્મણસિંહ ચૌહાણ, ઉ.વ. ૬૫, મુ. ગોરવા, જી. વડોદરા
- સ્વ. રાજુભાઈ રણધીરભાઈ ચૌધરી, ઉ.વ. ૩૦, બોરીજ, ગાંધીનગર

‘પવિત્ર’ શ્રાવણમાં કૃત્રિમ રીતે પકવેલા ફળોનો ‘અપવિત્ર’ કારોબાર ડામવા તંત્ર જાગે

કેળાં સહિતના ફળોને કેમિકલથી પકવવામાં આવતા હોવાનું જણાવી જાગૃત નાગરિક પરિષદે કડક પગલાં લેવા માંગ કરી

ગાંધીનગર, તા.૩૦

નાગરિકોના જાહેર આરોગ્યની રક્ષા માટે કૃત્રિમ રીતે પકવાતા ફળોના વેચાણ પર સરકારે પ્રતિબંધ મૂકેલો છે. સામાન્ય રીતે કેરીની સિઝનમાં કાર્બાઈડથી પકવેલી કેરી દરોડા પાડીને કબજે લેવામાં આવે છે, પરંતુ અન્ય ફળો વિશે આવું થતું નથી. અત્યારે પવિત્ર શ્રાવણ મહિનામાં લોકો વિપુલ પ્રમાણમાં કેળાનો ઉપયોગ કરી રહ્યા છે. આ કેળા કેમિકલથી પકવેલા આવે છે અને એક કે બે દિવસમાં જ ખરાબ થઈ જાય છે. વળી તે ખોરાકમાં લેવાથી અનેક રોગોનો ભોગ લોકો બનતા હોય છે.

ગુજરાતમાં કાચા કેળાને ઝડપથી પકવવા માટે કેટલાક ખેડૂતો અને વેપારીઓ દ્વારા વ્યાપક પ્રમાણમાં કેમિકલનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રક્રિયાને અટકાવવા ઝડપથી પગલાં લેવા રાજયની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓને ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે અનુરોધ કર્યો છે.

જાગૃત નાગરિક પરિષદના જણાવ્યા અનુસાર ગુજરાતમાં વધતી કેન્સર જેવી બીમારીઓ માટે પ્રેસ્ટિસાઈડ્ઝવાળા શાકભાજી તેમજ કૃત્રિમ રીતે પકવેલા ફળોનો આહાર જવાબદાર છે. તેનાથી બચવા માટે વ્યાપક લોકજાગૃતિ અનિવાર્ય છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ આ બાબતમાં વિશેષ જાગૃતિ બતાવશે તેવી આશા પરિષદે વ્યક્ત કરી છે.

વાયરલ રોગચાળા સામે લોકોની પ્રતિકારાત્મક શક્તિ વધે તે માટે કુદરતી રીતે પાકેલા ફળો અને ભેળસેળ વગરની ખાદ્ય ચીજ વસ્તુઓ લોકોને મળશે તો બીમારીનું પ્રમાણ ઘટશે અને લાખો રૂપિયાના ખર્ચે નિભાવાતી સરકારી હોસ્પિટલોનો ખર્ચ કરવો નહીં પડે. આ માટેના કાયદાને જેલની સજા સાથે વધુ આકરો બનાવવામાં આવે તેવી લોક લાગણી છે. તાજેતરમાં જ્યોતીન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને મળેલી પરિષદના કારોબારી સભ્યોની વર્ચ્યુઅલ બેઠકમાં એચ. બી. વરિયા, ભાનુપ્રસાદ પુરાણી, વાગ્મિનભાઈ બૂચ, પ્રોફેસર રવીન્દ્રભાઈ દવે, એસ ડી આર મલિક, મનિષભાઈ દવે, સુમંતભાઈ શાહ, નિરંજનભાઈ ઓઝા, રાજેન્દ્રભાઈ પારેખ, હસમુખભાઈ ઠાકર, કુસુમબેન જોષી, જીતેન્દ્રભાઈ ત્રિવેદી, લક્ષ્મણસિંહ રાજપુત, દશરથભાઈ પરમાર વગેરેએ ભાગ લીધો હતો.

ફળો અને શાકભાજીનો ઉપયોગ કરતાં ધ્યાનમાં રાખવા જેવી સાવચેતીઓ

- ફળો અને શાકભાજી ખરીદતી વખતે ડાઘા, બગાડની નિશાની કે અસામાન્ય દેખાવવાળા ન ખરીદવા.
- ખાતા કે રાંધતા પૂર્વે તેને નળમાંથી વહેતા પાણીથી સંપૂર્ણ રીતે ધોઈ નાખવા.
- જાણીતા અને વિશ્વાસપાત્ર વિક્રેતા પાસેથી જ ખરીદવા.
- ખાવા માટે ઉપયોગમાં લેતા પૂર્વે અને રાંધતા પહેલા ફળોની છાલને ઉતારી નાખવી, જેથી જંતુનાશક દવાની અસરોને નાબુદ કરી શકાશે.
- ખુલ્લા બઝારમાંથી કાપેલા ફળોને ખરીદવા કે વાપરવા નહીં.
- કહોવાટ કે ફૂગની અસર દેખાતી હોય તેવાં ફળો, શાકભાજીનો ઉપયોગ ન કરવો.
- પડવાળા શાક જેવાં કે કોબીજ વગેરેમાંથી નુકસાનકારક જંતુનાશક દવાની અસરો ઓછી કરવા તેના ઉપલા બે ત્રણ પાંદડા કાટી નાખવા.
- ફળો અને શાકભાજીને ડિટર્જન્ટવાળા પાણીથી ન ધોવા કેમ કે તેમ કરવાથી તેના હાનિકારક તત્વો તેનામાં શોષાઈ જઈ શકે છે.
- ફળો અને શાકભાજીને સમારતા પહેલાં હાથ ચોખ્ખા પાણીથી અને સાબુથી ધોવા. ચોખ્ખા વાસણ, કટીંગ બોર્ડ અને સ્ટેન્ડલેસ સ્ટિલના ચપ્પાનો ઉપયોગ કરવો.